| એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૨ માં, અમદાવાદ. |
|---|

| ફોજદારી કેસ નંબર–૧૭૨૯૪ | વર્ષ–૨૦૨૧ |
|---|---|

**આંક:–૦૧ અન્વયે હુકમ**

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કચેરી આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

**(૧)** સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લેતા, સી.આર.પી.સી.કલમ–૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ (એફ.આઈ.આર) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ કમીશનરશ્રી અમદાવાદ ધ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ.પી.સીની કલમ–૧૮૮,એપેડમીક ડિસીઝ એકટ કલમ–૦૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબ ના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** સી.આર.પી.સી.કલમ–૧૯૫ મુજબ...'' આઈ. પી. સી. ની કલમ–૧૭૨ થી ૧૮૮(બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ, '' સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોય એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી...''** એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઈ રહેલ છે.

– એપેડમીક ડિસીઝ એકટ કલમ–૦૩ મુજબના ગુનાના ભંગ બદલ આઈ.પી.સી.ની કલમ–૧૮૮ મુજબના ગુના સંબંધેની કાર્યવાહી કરવા જોગવાઈ કરવામાં આવેલી છે. તે જ રીતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) માં પણ એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તે ફરીયાદ કરી શકે અથવા કોઈ વ્યકિત આવા ગુન્હા સંબંધે ફરીયાદ કરવા માંગે છે તેવા ઈરાદા સાથે નિયત કરેલા નમુનામાં ૩૦ દિવસથી ઓછા સમયની ન હોય તેવી નોટીસ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા

હોય તેને આવી નોટીસ આપ્યા બાદ ફરીયાદ કરી શકે છે અને આ જોગવાઈઓનું પાલન કર્યા વગર અદાલત ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકતી નથી. હાલના કેસમાં કોઈ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તેમના ધ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટની કલમ–૬૦ ના કલોઝ(એ)મુજબની કોઈ ફરીયાદ કરવામાં આવેલ નથી કે અન્ય કોઈ વ્યકિતએ આ અધિનિયમની (બી) મુજબની પ્રક્રિયા કર્યા બાદ ફરીયાદ કરેલ નથી. આમ સદર કાયદાની ફરજીયાત જોગવાઈ ઓનું પાલન પણ આ કેસમાં થયેલ નથી.

**(૩)** નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જયવંતસિંહ ફલજીભાઈ વિરુઘ્ધ ગુજરાત રાજય ના કેસમાં તારીખ–૦૯/૧૨/૨૦૦૩ ના ચુકાદામાં '' **આઈ.પી.સી ની કલમ–૧૮૮ કોગ્નીઝેબલ હોવાનું નામદાર અદાલતે અવલોકન કરેલ છે**.''

**–** કોગ્નીઝેબલ ગુન્હો એટલે કે જેમા પોલીસ વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે તપાસ કરી શકે તેવો ગુન્હો પરંતુ સી.આર.પી.સીની કલમ–૧૯૫ માં આ સામાન્ય જોગવાઈમાં કલમ–૧૯૫ થી **સામાન્ય બાધ**(અપવાદ) કરવામાં આવેલ છે તેમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, આઈ.પી.સી. ની કલમ–૧૭૨ થી ૧૮૮(બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ, સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોય એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી.** આમ એકમાત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસના સત્તા રહેલી હોય એટલા માત્રથી સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ ની ફરજીયાત જોગવાઈનો બાધ નડે નહી તેવું માની શકાય નહીં.

**(૪)** **નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા....**(૧) એમ.એસ.અહલ્લાવત વિરુઘ્ધ હરિયાણા એ.આઈ.આર.૨૦૦૦ (સુ.કો.) પેજ નં.૧૬૮, (૨) દોલતરામ વિરુઘ્ધ પંજાબ રાજય એ.આઈ.આર.૧૯૬૨ (સુ.કો.) પેજ નં.૧૨૦૬, (૩) બબીતાલીલા વિરુઘ્ધ યુનીયન ઓફ ઈન્ડિયા એસ.એલપી.(ક્રિમીનલ) ૧૪૭૪/૨૦૧૨,(૪) મુનીઅપ્ન અને બીજા વિરુઘ્ધ તામીલનાડુ રાજય ક્રિમીનલ અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા....**(૧) બેચરવાલા વિરુઘ્ધ ગુજરાત રાજય

ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૫૦૯/૨૦૦૧, (૨) કાનજીભાઈ બબલદાસ પટેલ વિરુધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૩૪૮/૧૯૯૫, (૩) અરૂણધતી ભટ્ટાચાર્ય વિરુધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં. ૧૭૨૮૬ / ૨૦૧૭, (૪) ગોવરર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮(૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ ના કેસ લોમા એવું હેલ્ડ કરવામાં આવેલ છે કે, ***The provisions of Section 195 Cr.P.C. are mandatory and Non-compliance of it would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void abinitio being without jurisdiction.*** નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટની ડિવીઝન બેન્ચ ધ્વારા **HLA SHWE Vs. State of Maharastra** ક્રિમીનલ એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે "***We are of the opinion that allowing the prosecution to continue would be nothing but an abuse of the process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R. against an accused based on the police report.***"

(૫) નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા પંકજ અગ્રવાલ વિરુધ્ધ દિલ્લી રાજય ૨૦૦૧ (૩) ક્રાઈમ્સ (સુપ્રિમકોર્ટ) પેજ નં.૩૬૧, નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા કાંધલ સરમણ જાડેજા વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૧૯ (૨) જી.એલ.આર.પેજ નં.૧૪૬૨ તેમજ નયન હરીશભાઈ કનખરા વિરુધ્ધ ગુજરાત રાજય ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, જયારે ગુન્હા અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પીલીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગ જ ગુન્હો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુન્હાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુન્હાને સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ નો બાધ નડતો નથી. પરંતુ જયારે થયેલ ગુન્હા એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટરકનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુન્હામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી કલમ–૧૯૫ છે અને આવા ગુન્હાની કાર્યવાહી

આગળ ચલાવી શકાતી નથી. સદર કામે ચાર્જસીટ વંચાણે લેતાં, જે રીતે અને જે પ્રમાણે ગુનો બનેલ હોવાનુ દર્શાવેલ છે તેના સંજોગો, ગુનાની વિષય વસ્તુ તથા જાહેરનામાં ઘ્યાને લેતાં, આ કામે તમામ આક્ષેપિત ગુન્હા એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટ સંકળાયેલા છે, એવી રીતે ઈન્ટર કનેકટડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. હાલના કેસમાં સક્ષમ ઓથોરીટી ઘ્વારા સી.આર.પી.સી. કલમ–૨(ડી) મુજબની કોઈ ફરીયાદ પણ કરવામાં આવેલ નથી પોલીસે સી.આર.પી.સી.ની કલમ–૧૫૪ મુજબ એફ.આઈ.આાર. નોંધી અને અદાલતમાં ચાર્જશીટ કરેલ છે જેનો સમાવેશ ફરીયાદમાં થતો નથી તેવી સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ રહેલ છે. આથી આવા ગુનાઓને સી.આર.પી.સી. કલમ ૧૯૫ નો સ્પષ્ટબાદ નડે છે. આ ઉપરાંત સી.આર.પી.સી. કલમ–૧૯૫ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટી આદેશ સરકયુલર નં.ડી.૨૯૧૨–૧૩/૨૦૧૭ તારીખ–૨૯–૦૭–૨૦૧૭ થી વહીવટી સુચના પણ આપેલી છે. આમ જયારે સક્ષમ ઓથોરીટી ઘ્વારા સી.આર.પી.સી. કલમ–૨(ડી) મુજબની કોઈ ફરીયાદ કરવામાં આવેલ ના હોય, સી.આર. પી. સી. ૧૯૫ નું સ્પષ્ટ બાદ નડતો હોય, ગુનાઓ જયારે અલગ કરી શકાય તેવા ના હોય એટલે કે સ્પલીટ કરી શકાય તેવા ના હોય અને એક બીજા સાથે કનેકટેડ ગુના હોય તથા સ્વતંત્ર ગુનાને અલગ કરી શકાય તેમ ના હોય આમ છતા જો આવી કાર્યવાહી ચલાવવામાં આવે તો તે એબ્યુઝ ઓફ પ્રોસેસ ગણાય અને સમગ્ર કાર્યવાહી હકુમત વિહીન કાર્યવાહી બને છે અને સી.આર.પી.સી.ની કલમ ૪૬૧ અન્વયે ની એવી અનિયમીતસરતાઓ છે કે જેના થી સમગ્ર કાર્યવાહી દુષીત થાય છે અને આવી કાર્યવાહી શરુઆતથી નીરર્થક એટલે કે ***void abinitio*** બને છે. આથી – નામદાર સુપ્રિમકોર્ટે કે.પ્રભાકર રાવ વિરુઘ્ધ આંઘ્રપ્રદેશ રાજય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુઘ્ધ ગુજરાત રાજય ૨૦૧૮ (૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ તેમજ રેણુકા વિરુઘ્ધ કર્ણાટકા રાજય ૨૦૦૯ ક્રિમીનલ લો–જનરલ ૨૨૪૫ (સુપ્રિમકોર્ટ)ના ચુકાદામાં પ્રસ્થાપિત સિઘ્ઘાંત ઘ્યાને લઈ, હાલના કેસમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવે છે.

**::: <u>હુ ક મ</u> :::**

સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરુધ્ધ આઈ.પી.સી ની કલમ–૧૮૮,એપેડમીક ડિસીઝ એકટ કલમ–૦૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબના ગુન્હાની **કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.**

– અધિકૃત ઓથોરીટી સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ (૧) મુજબ યોગ્ય કાર્યવાહી કરી ફરી કેસ દાખલ કરવા માટે સ્વતંત્ર રહેશે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં જાહેર કરવામાં આવે છે.

સ્થળ:–અમદાવાદ.
તારીખ:– ૧૦/૦૭/૨૦૨૧.

(ચેતના જે. પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
મેટ્રોપોલીટન કોર્ટ નંબર–૧૨, અમદાવાદ
કોડ નં. જી જે ૦૧૦૫૬